
# સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

## કન્યા : (પ.ઠ.ણ.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ત્રીજા પરાક્રમસ્થાને રહેતાં તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા ચોથા સુખસ્થાને આવશે. તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા ત્રીજા પરાક્રમ સ્થાનેઆવશે. શનિ આખું વર્ષ તમારા ચોથા સુખસ્થાને રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે ચાલશે. વર્ષની શરૂઆતમાં રાહુ તમારા લાભ ભાવે અને કેતુ પાંચમે રહેતાં તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા દસમા કર્મસ્થાને અને કેતુ તમારા ચોથા સુખસ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ત્રીજા પરાક્રમસ્થાને રહે છે. ભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. પ્રગતિની અનેક તકો આવવા છતાં તમે તેનો લાભ ન મેળવી શકો. સાહસિક કાર્યોમાં સંભાળવું. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં અવરોધો આવે. ભૌતિક સુખ-સમૃદ્ધિ વધે. અહીં અનેક સફળતાઓ મળવા છતાં તમે નિષ્ફળતાની પીડાનો અનુભવ કરશો. હિત અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય. સામાજિક ઘટનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરે. ધાર્મિક લાંબી મુસાફરીના યોગ બને. ભાઈ-ભાંડુ તરફથી લાભ થાય. નોકરિયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ સારા મળે. કુટુંબ તેમજ ભાઈ-ભાંડુ તરફની વિશેષ જવાબદારી તમારી ઉપર આવે.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા ચોથા સુખભાવે આવશે. અહીં તે સ્વગૃહી બને છે. અહીં 'સુખ' શબ્દના સંદર્ભમાં તમે ઘણું મેળવશો. અંગત સુખ સાહ્યબીની કલ્પનાને સાકાર થતી જોશો પરંતુ તા. ૨૨-૪-૨૦૧૯ સુધી સાથે શનિ-કેતુ રહેતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પારિવારિક આવક વધવા છતાં તમે આર્થિક મુશ્કેલી ભોગવશો. આ સમયને પુરુષાર્થ નવીન પ્રેરણા અપાવશે. અંગત સંબંધોમાં છેતરાઈ ન જવાય તેની કાળજી રાખવી. સ્થાવર અંગના કાર્યોમાં કાળજી રાખવી. માતા તરફથી લાભ થાય. અણધાર્યા પરિવર્તનો થાય. હાર્ટ કે બ્લડપ્રેશરની તકલીફવાળાએ સંભાળવું.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ વૃશ્ચિકમાં એટલે તમારા ત્રીજા સ્થાને આવશે. જે ભાઈ-ભાંડુ સંબંધી તકલીફો રાખે. કૌટુંબિક શુભ કાર્યો થાય. પરિવારના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને. તમારા પુરુષાર્થ અને તમારી આકાંક્ષાઓનો સુમેળ નહીં હોય. સાહસિક કાર્યોમાં સંભાળવું. એક પ્રકારની નકારાત્મકતા તમારો પીછો કરતી જણાય. તમારો જીવનધ્યેય સેવાભાવી વિચારસરણી તરફનો હશે. ભાઈ-ભાંડુ સાથે વિચારોમાં અલગતા રહે. પ્રગતિની અનેક તકો આવવા છતાં તમે તેનો લાભ ન લઈ શકો.

શનિ આખુ વર્ષ તમારા ચોથા સુખભાવે રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી લોઢાના પાયે ચાલે છે. જે આંતરિક માનસિક તેમજ શારીરિક તકલીફો વધુ રાખે. સટ્ટાકીય કોઈ લેવડ દેવડમાં સંભાળવું. ગુનાહિત પ્રવૃત્તિના કાર્ય ન થાય તેની કાળજી રાખવી. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગથી અણબનાવ રહે. માતા તેમજ વડિલવર્ગ સાથે વિચારોમાં અલગતા રહે. નાણાંકીય વિશ્વાસઘાતના યોગ બને. કૌટુંબિક આર્થિક જવાબદારી પૂર્ણ કરવી અઘરી પડે. સ્થાવર મિલ્કત અંગેના કાર્યોમાં સંભાળવું. અટકેલા કાર્યોમાં વિલંબ થાય. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ સાથે વિચારોમાં મતભેદો રહે. ધંધા-વ્યવસાયિક કાર્યોમાં રૂકાવટો આવે. વ્યવસાયિક બાબતે અપયશ મળે. વડિલવર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને. ગમા અણગમાની વિચારધારામાં અયોગ્ય પગલું ન ભરાઈ જાય તેની કાળજી રાખવી.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભભાવે રહે છે. જે આર્થિક પ્રગતિના ચાન્સ સારા અપાવે. ભૌતિક સમૃદ્ધિમાં વધારો થાય. લાભની આશાએ કરેલ રોકાણ ફસાઈ ન જાય તેની કાળજી રાખવી. સામાજિક પ્રગતિ સારી થાય. કોઈની પણ જામીનગીરીથી દૂર રહેવું જરુરી બને. આર્થિક સમસ્યાનું નિવારણ થાય. સંઘર્ષ સાથે સફળતા સારી મળે. ધંધા-વ્યવસાયિક મુસાફરી લાભદાયી નિવડે. મોટા ભાઈ-ભાંડુ તરફથી અણધાર્યા ધનલાભો થાય. તમારી આવડત અને જ્ઞાન દ્વારા વધુ મેળવવાની કોશિષ કરશો. નોકરી ધંધાના ક્ષેત્રે મોટા લાભો મળે. કૌટુંબિક ધન પ્રાપ્તિના પ્રશ્ને અવરોધો આવે.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમા સ્થાને રહેશે. જે આંતરિક-શારીરિક તકલીફો રાખે સંતાન સંબંધી નાની-મોટી તકલીફો રહે. પેટ આંતરડાને લગતી નાની-મોટી શસ્ત્રક્રિયાના યોગ બને. આર્થિક નુકસાનના અનેક યોગો બને. ધનલાભની આશા નિરાશામાં પરિણમે. મહેનત-પરિશ્રમનું ફળ ઓછું મળતું જણાય.

તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે પિતા સાથે અણબનાવ રાખે. ધંધા-વ્યવસાયિક કાર્યમાં અનેક મુસીબતો આવે. અહીં તમે સંગ્રહિત કર્મના ભોગવટાનો અનુભવ કરશો. સામાજિક કાર્યકર્તાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. સાહસિક કાર્યો થાય. સાહસના ફળરૂપે અપયશ અપમાનની પ્રાપ્તિ થશે. પુરુષાર્થના પરીણામમાં સફળતા ઓછી મળે. તમારા ધૈર્યની કસોટી થાય. કાનૂની બાબતે છેતરામણી થયાનો અનુભવ થાય. કોઈની સાથેનો આર્થિક વ્યવહાર છેતરામણીનો અનુભવ કરાવે.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા ચોથા સુખભાવે આવશે. માતાની તબિયતની કાળજી રાખવી સ્થાવર મિલ્કતના પ્રશ્ને અવરોધ આવે. વડિલવર્ગને શારીરિક તકલીફોથી સંભાળવું. દસ્તાવેજ સંબંધી કાર્યોમાં સંભાળવું. ઉતાવળીયો કોઈ પણ નિર્ણય આ સમયમાં યોગ્ય નથી. કાનૂની જવાબદારીમાં વધારો થાય. પેટ સંબંધી નાની-મોટી તકલીફોથી સંભાળવું. આર્થિક પ્રાપ્તિની આશા નિષ્ફળ થતી જણાય.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. આંતરિક-માનસિક તેમજ કૌટુંબિક તકલીફો રહે કૌટુંબિક ધનસંપત્તિના પ્રશ્ને વિલંબ થાય. ચિંતાઉપાધિ તમારા ટેન્શન વધારે. આર્થિક જવાબદારી નિભાવવી કઠિન પડે. ભૌતિક સુખ સારું રહે. છતાં ભૌતિક બાબતે અનેક રૂકાવટો આવે. જવાબદારીની મર્યાદા ન ઓળંગાય તેની કાળજી રાખવી ધાર્મિક મુસાફરીમાં તકલીફો આવે. નોકરી કરતી સ્ત્રીઓએ સાવચેતી રાખવી. નાણાંકીય છેતરામણી થાય. હિતશત્રુઓથી સંભાળવું. વડિલો પાર્જિત સંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. આંતરિક જીવનમાં ગેરસમજો વધુ રહે. પરિવારના સભ્યો દ્વારા નફા નુકસાનનો મિશ્ર અનુભવ થાય.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત-પરિશ્રમના પ્રમાણમાં સફળતા ઓછી મળે. ઉચ્ચ ડિગ્રીની પ્રાપ્તિ માટે તમારે વધુ પરિશ્રમની જરૂર જણાય. સમયનો સદુપયોગ જરુરી બને. શારીરિક તકલીફોના કારણે તમે અભ્યાસ પરત્વે યોગ્ય ધ્યાન ન આપી શકો જન્મના ગ્રહો શુભ હશે તો ડિગ્રી પ્રાપ્તિની તમારી ઈચ્છા પૂર્ણ થતી જણાય. તમારી જ મનોવૃત્તિ તમને નિરાશા તરફ લઈ જાય.

## તુલા : (ર.ત.) :




વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા બીજા ધનસ્થાને રહેતા તા. ૨૯-૨-૧૯થી તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. શનિ આખું વર્ષ તમારા ત્રીજા પરાક્રમસ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા દસમા કર્મસ્થાને અને કેતુ સુખસ્થાને રહેતાં તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા નવમા ભાગ્યભાવે અને કેતુ તમારા ત્રીજા પરાક્રમસ્થાને રહે છે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા બીજા ધનસ્થાને રહે છે. જે કૌટુંબિક મનદુ:ખના અનેક પ્રસંગો બનાવે. કુટુંબના વડિલો સાથે મતભેદો વધે. કૌટુબિક ધનસંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. છતાં ધનસંપત્તિના યોગ સારા બને. વડિલવર્ગની બિમારી પાછળ ખર્ચ વધુ થાય. કૌટુંબિક ધંધાકીય કાર્યોમાં વિઘ્ન આવે. કુટુંબના સભ્યો દ્વારા તમારું અપમાન થતું જણાય. પરિવારની આવક વધવાના યોગ બને. ધાર્મિક યાત્રા પ્રવાસના યોગ બને. કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. કૌટુંબિક ધનસંપત્તિમાં વધારો થાય. નવીન યોજનાઓ દ્વારા આવક પ્રાપ્તિના યોગ બને.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા ત્રીજા પરાક્રમસ્થાને આવશે. જે અહીં મિશ્ર ફળદાયી બને. પ્રગતિની અનેક તકો આવવા છતાં તેનો લાભ ન લઈ શકો. ભૌતિક સુખ-સમૃદ્ધિમાં વધારો થાય. કોર્ટ કચેરીને લગતા કાર્યોથી લાભ થાય. ધાર્મિક કાર્યો સારા થાય. ધાર્મિક મુસાફરીના યોગ બને. ભાઈ-ભાંડુ સાથે અણબનાવ રહે. હિત-અહિતની દષ્ટિએ તમારી કસોટી થાય. સામાજિક ઘટનાઓ દ્વારા તમારી પ્રતિષ્ઠામાં વધારો થાય. આર્થિક લાભ સારા મળવા છતાં નાણાંની ખેંચ વર્તાય. નોકરિયાત વર્ગને સફળતા સારી મળે.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા બીજા ધનભાવે આવશે. કૌટુંબિક મનદુ:ખના પ્રસંગો બને. આવક સંબંધી તમારી ઈચ્છાઓ પૂર્ણ થતી જણાય. કૌટુંબિક ધનસંપત્તિના યોગ સારા બને. વાસ્તવિક જીવન પ્રત્યેનો તમારો મોહ વધતો જણાય. અંગત સંબંધોમાં તિરાડ ન પડે તેની કાળજી રાખવી તમારા અહંકારને તૂટતો જોશો. કાનૂની કાર્યોમાં સંભાળવું. વડિલવર્ગ સાથે મતભેદો રહે. ધંધા-વ્યવસાયિક નવીન યોજનાઓ સફળ થતી ન જણાય, પરિવાર પ્રત્યેની તમારી જવાબદારી વધતી જણાય. નેત્ર સંબંધી નાની-મોટી તકલીફો રહે.

શનિ આખુ વર્ષ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. ભાઈ-ભાંડુનુ સુખ સારું રહે. સાહસિક કર્યો સારા થાય. વ્યવસાયિક નવીન યોજનાઓ ગોઠવાય. ભાગ્ય વૃદ્ધિમાં વિઘ્નો તેમજ વિલંબ થાય. તમારી બુધ્ધિ અને તમારી માનસિક સ્થિતિ તમને જુદી જુદી પ્રેરણા આપશે. તમે જવાબદારીથી મુકત નહીં થઈ શકો. આવશ્યકતા સિવાયનો કર્મનો બોજો તમે ઉપાડશો. તા. ૨૯-૩-૨૦૧૯થી તા. ૨૨-૪-૨૦૧૯ સુધી સાથે ગુરૂ-કેતુ આવતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. સ્થાન પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો નિષ્ફળ જતા જણાય. તમારા પુરુષાર્થનું ફળ તમે ન મેળવી શકો. તમારી કાર્યપદ્ધતિમાં વિસર્જન થતું જણાય. અહીં તમે હરખ-શોકની મર્યાદા ઓળંગી જશો.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા દસમા કર્મસ્થાને રહે છે. વડિલવર્ગ તેમજ માતાને લગતી તકલીફો રહે. વારસાગત લાભ સારા મળે. સ્થાવર પ્રાપ્તિ અંગેની તમારા આશા નિષ્ફળ જતી જણાય. આર્થિક વ્યય વધુ થતો જણાય. મનદુ:ખની અનેક ઘટનાઓ બને. ખોટા સાહસ ન થાય તેની કાળજી રાખવી. નાણાં સંબંધી એક પ્રકારની નકારાત્મકતાનો અનુભવ કરશો. સામાજિક કાર્યકર્તાઓને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. છેતરપીંડીના ભોગ ન બનાય તેની કાળજી રાખવી. પુરુષાર્થનું ફળ નિષ્ફળતા જ મેળવશો. અહીં તમારા ધૈર્યની કસોટી થશે. વ્યવસાયિક કાર્યો કરનારને પ્રતિષ્ઠા ઓછી થતી જણાય. કાનૂની કાર્યોમાં સંભાળવું.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા ચોથા સુખભાવે રહે છે. જે સ્થાવર અંગેના કાર્યમાં વિઘ્નો લાવે. માતાની તબિયતની કાળજી રાખવી વડિલવર્ગને લગતી તકલીફો કરે. સ્થાવર મકાની નવીન ખરીદીમાં કાળજી રાખવી.





